# ધો.10માં અન્ય શાળાઓની સરખામણીમાં મનપાની સુમન હાઈસ્કૂલનું સૌથી ઊંચું 95.94 ટકા પરિણામ

**ગુજરાત** બોર્ડ અને સુરતની સરેરાશની સરખામણીએ પણ સુમન હાઇસ્કૂલોનું નોંધપાત્ર ઊંચું પરિણામ, 234 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો

### સુમન હાઇસ્કૂલોનું માધ્યમ પ્રમાણે પરિણામ

| | |
|---|---|
| ગુજરાતી માધ્યમ: | 96.79% |
| હિન્દી માધ્યમ: | 98.29% |
| મરાઠી માધ્યમ: | 94.06% |
| ઉડિયા માધ્યમ: | 100% |
| ઉર્દુ માધ્યમ: | 86.14% |
| અંગ્રેજી માધ્યમ: | 94.38% |
| કુલ સરેરાશ: | 95.94% |

### 100% પરિણામ મેળવનાર સુમન હાઇસ્કૂલો

| | | |
|---|---|---|
| સુમન હાઇસ્કૂલ નંબર 2 | (વરાછા): | 100% |
| સુમન હાઇસ્કૂલ નંબર 19 | (ઉત્રાણ): | 100% |
| સુમન હાઇસ્કૂલ નંબર 13 | (ડીંડોલી): | 100% |
| સુમન હાઇસ્કૂલ નંબર 15 | (નાગસેન નગર): | 100% |
| સુમન હાઇસ્કૂલ નંબર 23 | (પાંડેસરા): | 100% |

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના બાળકો માટે સંચાલિત સુમન હાઈસ્કૂલોએ શૈક્ષણિક વર્ષ 2024-25ની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની SSC પરીક્ષામાં 95.94%નું શાનદાર પરિણામ હાંસલ કર્યું છે. આ પરિણામ ગુજરાત બોર્ડના 83.08% અને સુરત શહેરના 86.20%ની સરખામણીએ નોંધપાત્ર રીતે વધુ ઊંચું છે. સુરતમાં 4 સુમન હાઈસ્કૂલ સાથે શરૂઆત થઈ હતી, જે હવે વિવિધ માધ્યમોમાં 23 શાળા સુધી વિસ્તરી છે. આ શાળાઓ અદ્યતન ટેકનોલોજી અને લાયક શિક્ષકો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપે છે, જેનું પ્રતિબિંબ આ પરિણામોમાં જોવા મળે છે.

આ વર્ષે 5 સુમન હાઈસ્કૂલો - નંબર 2 (વરાછા), નંબર 19 (ઉત્રાણ), નંબર 13 (ડીંડોલી), નંબર 15 (નાગસેન નગર) અને નંબર 23 (પાંડેસરા)એ 100% પરિણામ હાંસલ કર્યું છે. કુલ 234 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે. માધ્યમ પ્રમાણે પરિણામોમાં ઉડિયા માધ્યમે 100%, હિન્દી માધ્યમે 98.29% અને ગુજરાતી માધ્યમે 96.79%નું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે.

## પરિણામની સાથે સાથે...

### એલ.પી. સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સના ધો.10માં 183 વિદ્યાર્થી A1 ગ્રુપમાં



સુરતઃ ધો.10ના જાહેર થયેલા પરિણામોમાં એલ.પી. સવાણી ગૃપ ઓફ સ્કૂલ્સના 183 વિદ્યાર્થીઓએ A1 અને 376 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જેમાં પ્રથમ ક્રમે પટેલ યાજ્ઞી શૈલેષકુમારે 99.98 PR મેળવ્યા હતા. શાળાના 149 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ મેળવ્યા હતા. જેમાં ગણિત વિષયમાં બેઝિક ગણિતમાં 23 સ્ટાન્ડર્ડ ગણિતમાં 34 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ, વિજ્ઞાન વિષયમાં 39 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ, સામાજિક વિજ્ઞાનમાં 25 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ, સંસ્કૃત વિષયમાં 28 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓની આ સિદ્ધી બદલ શાળાના ચેરમેન માવજીભાઈ સવાણી, વાઇસ ચેરમેન ડો. ધર્મેન્દ્ર સવાણી, ડિરેક્ટર પૂર્વીબેન સવાણી, સંચાલક મયંકભાઇ ઠાકોર, આચાર્ય ડો. ક્ષિતિજ પટેલ તેમજ શાળાના તમામ શિક્ષક મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

### ધો.10માં દીપ દર્શન વિદ્યા સંકુલમાં 59 વિદ્યાર્થીઓ A1, 96 વિદ્યાર્થીઓ A2 ગ્રેડમાં



સુરતઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-2025 માં ધોરણ-10 ની બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું. જેમાં દર વર્ષની જેમ દીપ દર્શન વિદ્યા સંકુલ સમગ્ર ડીંડોલી વિસ્તારમાં અવ્વલ રહી જેમાં શાળામાં 59 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો તેમજ 96 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કરી શાળાને રેકોર્ડ બ્રેક પરિણામ પ્રાપ્ત કરાવ્યું છે. જેને પગલે શાળા મેનેજમેન્ટ તેમજ આચાર્ય તરફથી વિદ્યાર્થીઓને,તેમના પરિવારજનોને તેમજ શિક્ષકમિત્રોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### શ્રી ઉત્તર ગુજરાત કે.એસ.કે.પી વિદ્યાલયનું ધો.10નું 94.42 ટકા પરિણામ

સુરતઃ ધો.10ના જાહેર થયેલા પરિણામોમાં ઉત્તર ગુજરાત કે.એસ.કે.પી શાળાનું ધોરણ ૧૦નું પરિણામ ૯૪.૪૨% છે. શાળામાં A1 ગ્રેડ 20 વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડ 41 વિદ્યાર્થીઓએ મેળવ્યા છે. શાળામાં પ્રથમ ક્રમે નિસરતા નિરજ એસ. PR. 99.81, PER.96.67%, પ્રથમક્રમ:- પટેલ જય ડી. PR. 99.81, PER.96.67% સંસ્કૃત ૧૦૦/૧૦૦,ગણિત- ૧૦૦/૧૦૦ માર્કસ. શાળામાં દ્વિતીયઃ શાહ ઝેની જી. PR. 99.35, PER.95.17% સંસ્કૃત ૧૦૦/૧૦૦ માર્કસ., શાળામાં તૃતીયઃ પટેલ આભા ડી.PR.99.28, PER.95.00% તેમજ A1/A2 ગ્રેડ શાળાના 61 વિદ્યાર્થીઓએ મેળવ્યો છે. શાળાના આચાર્યા રેશ્મા પટેલ, શિક્ષણગણ અને સ્ટાફ પરિવારને ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

### આઇ. એન. ટેકરાવાળા સ્કૂલનું 100 ટકા પરિણામ



સુરતઃ શ્રી સત્ય સાંઈ એજ્યુકેશન ટ્રસ્ટ, શ્રીમતી આઈ.એન .ટેકરાવાળા હાઇસ્કુલનું ધો-10નું પરિણામ 100% આવ્યું છે. જેમાં શાળામાં A1 ગ્રેડમાં 41 વિદ્યાર્થી અને A2 ગ્રેડમાં 94 વિદ્યાર્થી આવ્યા છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ ઇન્ચાર્જ આચાર્ય હેમાક્ષી પટેલ, સુપરવાઇઝર રીના નાયક તેમજ તમામ શિક્ષક મિત્રોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### સુરત મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીનાં 10 વિદ્યાર્થી-વિદ્યાર્થિની A1 ગ્રેડમાં પાસ



સુરતઃ એંગ્લો ઉર્દૂ હાઇસ્કુલનાં 10 વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ A1 અને 61 A2 ગ્રેડમાં પાસ થયા છે. સોસાયટી સંચાલિત ફૈઝ એ.એ.ચકકીવાલા ગુજરાતી માધ્યમનું પરિણામ 100% આવ્યું છે. A1 ગ્રેડમાં 7 વિદ્યાર્થીની અને A2 ગ્રેડ માં 37 વિદ્યાર્થીની ઉર્તીણ થઈ છે. એંગ્લો ઉર્દુ હાઈસ્કૂલ (ઉર્દુ માધ્યમ)નું પરિણામ 79.78% આવ્યું છે. A2 ગ્રેડમાં 3 વિદ્યાર્થીની ઉર્તીણ થઈ છે. સોસાયટીનાં પ્રમુખ એડવોકેટ ડો.નસીમ જી.કાદરી અને સેક્રેટરી એ. એ. મુલ્લા હોદ્દેદારો સહિત તમામે અભિનંદન પાઠવ્યા છે.

### એલ.એચ.બોઘરા હાઈસ્કૂલમાં 15 વિદ્યાર્થીએ A-1 ગ્રેડ મેળવ્યો



સુરતઃ એલ.એચ.બોઘરા હાઇસ્કૂલમાં ધોરણ 10નાં પરીણામમાં 15 વિદ્યાર્થીએ એ-1 ગ્રેડ, જ્યારે 82 વિદ્યાર્થીએ એ-2 ગ્રેડ મેળવ્યો છે. શાળા પરિવારે ઉત્કૃષ્ટ પરીણામ મેળવનારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ધો.10નાં પરિણામોમાં સતત 7માં વર્ષે રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કૂલનો વિક્રમ



સુરતઃ ધો.10ના પરિણામોમાં અડાજણ જહાંગીરાબાદની ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલે 100% પરિણામ મેળવ્યું છે. આ વર્ષે પણ ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલએ અડાજણ, રાંદેર ઝોનમાં સૌથી વધુ A1 માં 52, A2માં 71 વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. સતત બીજા વર્ષે પણ 100% પરિણામ રેકોર્ડ બ્રેક સિદ્ધિ મેળવી છે. કુલ 219 વિદ્યાર્થીઓમાંથી 123 વિદ્યાર્થી A1 અને A2 માં સ્થાન મેળવી શાળાના કુલ 56 % વિદ્યાર્થીઓ અડાજણ અને રાંદેર ઝોનમાં પ્રથમ ક્રમે રહ્યા છે. શાળાના 75% થી વધુ વિદ્યાર્થીઓએ 80%થી વધુ માર્ક અને 85.00થી વધુ PR મેળવ્યા છે. વિવિધ વિષયમાં 100માંથી 100 માર્ક 12 વિદ્યાર્થીઓએ મેળવ્યા હતા. શાળા ના A1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને 100% સુધીની આશીર્વાદ સ્કોલરશીપ યોજનાનો લાભ શાળાના ફાઉન્ડર રામજીભાઈ માંગુકિયા દ્વારા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધી બદલ શાળાના વાઈસ ચેરમેન જીગ્નેશભાઈ માંગુકિયા અને મેનેજિંગ ટ્રસ્ટી કિશનભાઈ માંગુકિયા, શાળાના ડાયરેક્ટર આશિષભાઈ વાઘાણી, ગુજરાતી માધ્યમ શાળાના આચાર્ય ડો. વિરલ નાણાવટી અને અંગ્રેજી માધ્યમના આચાર્ય માલકમ પાલીયાએ અભિનંદન પાઠવ્યા હતા.

**શાળાના ટોપ ટેન વિદ્યાર્થીઓ**

| વિદ્યાર્થીનું નામ | PR |
|---|---|
| કળથીયા માહી | 99.97 |
| કાયસ્થ પ્રીન્સી | 99.87 |
| પંચાલ પ્રાચી | 99.73 |
| ગાબાણી પાર્શ્વ | 99.69 |
| કુકડીયા સમર્થ | 99.55 |
| પટેલ પ્રાચી | 99.55 |
| સાકરિયા આસ્થા | 99.55 |
| પટેલ જીયા | 99.42 |
| પટેલ ધારા | 99.35 |
| રામપરીયા રાજીવ | 99.35 |
| ઢેઢી વિવક્ષ | 99.30 |

## પરિણામની સાથે સાથે...

### પીપલોદ સ્થિત લાન્સર્સ આર્મી સ્કૂલના વિદ્યાર્થીઓનું ધોરણ-10માં શાનદાર પ્રદર્શન



સુરતઃ ધો.10ના જાહેર થયેલા પરિણામોમાં પીપલોદ સ્થિત લાન્સર્સ આર્મી સ્કૂલે 100% પરિણામ સાથે શાનદાર પ્રદશર્ન કર્યું હતું. જેમાં 4 વિદ્યાર્થીઓએ A1 અને 7 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો હતો. જેમાં જીલ કુંતલ દેસાઈએ 98.52 PR સાથે શાળામાં પ્રથમ રહ્યા હતા. જ્યારે હિર કાત્રોડિયા (98.42 PR), અબ્બાસ ચક્ષી વાલા (97.14 PR), વત્સલ ગાંધી (96.63 PR), કુકડીયા વ્રજ (95.93 PR), મલ્હાર દેસાઈ (95.49 PR), સૃષ્ટિ કાવડ (95.03 PR), પટેલ ધ્યાન (91.43 PR), દોશી સૌમ્યા (91.06 PR), વંશ ચપાડીયા (85.85 PR) અને જરીવાલા મુસ્તનશીર (85.85 PR) એ ઉત્કૃષ્ઠ દેખાવ કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.

### ધો.10માં વિદ્યાકુંજ ગ્રુપ ઓફ સ્કૂલ્સમાં A1 ગ્રેડમાં 7 અને A2 ગ્રેડમાં 32 વિદ્યાર્થીનો સમાવેશ



સુરતઃ ધો.10ના જાહેર થયેલા પરિણામોમાં વિદ્યાકુંજ ગૃપ ઓફ સ્કૂલ્સમાં A1 ગ્રેડમાં 7 અને A2 ગ્રેડમાં 32 વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો. આ સિદ્ધી બદલ શાળાના મેનેજિંગ ટ્રસ્ટી જયંતીભાઈ પટેલ, સંકુલ નિયામક મહેશભાઈ પટેલ, આચાર્ય, સુપરવાઈઝર તથા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સનું ધોરણ-10નું 97.35 % પરિણામ




સુરતઃ ગજેરા વિદ્યાભવન કતારગામ, ઉત્રાણ, સચિનનું 2024-25નું ધોરણ 10નું 97.35 % સાથે શ્રેષ્ઠ પરિણામ આવ્યું છે. ગજેરા ગ્રુપ ઓફ સ્કુલ્સમાં 193-A1 અને 312-A2 સાથે બોર્ડનું રીઝલ્ટ 83.08% છે. ગજેરા વિદ્યાભવન સચિનમાં અંગ્રેજી માધ્યમનું રીઝલ્ટ 96.36% અને કામરેજ સ્થિત વાત્સલ્ય ધામનું રીઝલ્ટ 77.78 % આવ્યું છે. ઝળહળતી સફળતા બદલ શાળાના ટ્રસ્ટી ચુનીભાઇ ગજેરાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

### માળીનો દીકરો 99.81 PR, A1 ગ્રેડ સાથે ઉત્તર ગુજરાત (K.S.K.P.) શાળામાં પ્રથમ



સુરતઃ ઉત્તર ગુજરાત (K.S.K.P.) શાળામાં અભ્યાસ કરતો નિસરતા નિરજ શૈલેષ 99.81 PR સાથે A1 ગ્રેડ (શાળામાં પ્રથમ)માં આવ્યો છે. તેના પિતાજી માળી કામ કરે છે. તેણે જણાવ્યું કે મારા જીવનમાં ભણતર માટે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે પણ હું હાર માનતો નથી. મારા પરિણામનો શ્રેય મારા માતા-પિતા, શાળાના દરેક શિક્ષકો અને આચાર્ય રેશ્મામેડમને આપું છું. બોર્ડના દરેક વિદ્યાર્થીને એક સંદેશો આપવાનો કે સખત મહેનત કરો તો સારું પરિણામ મેળવી જ શકશો.


## એલ. પી. સવાણી ગ્રૂપ ઓફ સ્કૂલ્સ દ્વારા 2024-25 નું એસ.એસ.સી. પરીક્ષા નું ઐતિહાસિક પરિણામ






### વિશેષ રૂપે ઉલ્લેખનીય છે કે શાળાના અનેક વિદ્યાર્થીઓએ 100 માંથી 100 ગુણ હાંસલ કરીને શૈક્ષણિક ક્ષેત્રે ઊંચી સિદ્ધિ દર્શાવી છે.

સુરત શહેરની વિવિધ સ્કૂલોમાં આજે જાહેર થયેલા ગુજરાત શિક્ષણ બોર્ડના પરિણામોને લઈ વિદ્યાર્થીઓમાં ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો છે. જેમાં એલ.પી. સવાણી ગૃપ ઑફ સ્કૂલ્સનું વર્ષ 2024-25 નું ધોરણ 10 નું શ્રેષ્ઠ પરિણામ આવ્યું છે ફરી એકવાર ઉચ્ચ પરિણામ મેળવી શાળાના વિદ્યાર્થીઓનો દબદબો જોવા મળ્યો છે. શાળાના 183 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. તેમજ શાળાના 376 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આવા ઉજ્જવળ પરિણામ મેળવી સમગ્ર સુરત શહેરમાં એલ.પી .સવાણી ગ્રુપ ઑફ સ્કુલ્સના બાળકોએ ડંકો વગાડ્યો છે. આ વર્ષે બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે પટેલ યાજ્ઞી શૈલેષકુમાર A1 ગ્રેડ સાથે 99.98 PR મેળવી શાળાનું નામ રોશન કર્યું છે આ સાથે 149 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ મેળવ્યા જેમાં ગણિત વિષયમાં બેઝિક ગણિતમાં 23 સ્ટાન્ડર્ડ ગણિતમાં 34 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ, વિજ્ઞાન વિષયમાં 39 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ, સામાજિક વિજ્ઞાનમાં 25 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ, સંસ્કૃત વિષયમાં 28 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ મેળવી શાળાને અનોખી સિદ્ધિ સાથે સફળતા અપાવી છે આ સાથે એલ. પી. સવાણી ગ્રુપ ઑફ સ્કૂલ્સ અડાજણ વિસ્તારમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરે છે તેમજ સમગ્ર શહેરમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે એ બદલ શાળાના ચેરમેનશ્રી માવજીભાઈ સવાણી, વાઈસ ચેરમેનશ્રી ડો. ધર્મેન્દ્ર સવાણી, ડિરેક્ટર પૂર્વીબેન સવાણી, સંચાલક શ્રી મયંકભાઈ ઠાકોર, આચાર્યશ્રી ડો. ક્ષિતિજ પટેલ તેમજ શાળાના તમામ શિક્ષક મિત્રોએ વિદ્યાર્થીઓના આ ઉચ્ચ પરિણામ બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓ હિંમતપૂર્વક, દ્રઢતાપૂર્વક, નિર્ભય રીતે સ્વમૂલ્યાંકન માટે તત્પર બની સફળતા મેળવે એ માટે શાળાના આચાર્યશ્રી ડો. ક્ષિતિજ પટેલ દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓની હિંમતમાં વધારો કર્યો હતો. શાળાના શિક્ષકો પણ પરીક્ષાના મૂલ્યાંકન પદ્ધતિ અંગે ચર્ચા કરી વિદ્યાર્થીઓને મુશ્કેલીમાંથી સફળતાના શિખર સુધી પહોંચવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા. સમગ્ર શાળા પરિવારે વિદ્યાર્થીના વાલીશ્રી સાથે સંપર્કમાં રહી હૂંફ આપી આત્મવિશ્વાસમાં વધારો કર્યો હતો. બાળકોના માતા પિતા પણ સતત મિટિંગમાં હાજર રહી બાળકોના અભ્યાસને ધ્યાનમાં લઈ શાળાને યોગ્ય સાથ સહકાર આપ્યો હતો. બાળકોમાં પરીક્ષાનો ઉત્સાહ જળવાઈ રહે એ માટે વિદ્યાર્થીઓની મુલાકાત લઈ સાંત્વનાભર્યા શબ્દોથી માનસિક અને શારીરિક રીતે પરીક્ષા માટે તૈયાર કરવામાં આવ્યા હતા. શાળાના તેજસ્વી તારલાઓની સફળતાથી આનંદિત થઈ સમગ્ર શાળા પરિવાર ખૂબ જ આનંદ અને ગર્વની લાગણી અનુભવે છે.